# શ્રી સ્વામિનારાયણ ગીતા

## અધ્યાય ૧ લો: અધર્મવિષાદયોગ

સંવત ૧૯૦૮ ના વૈશાખ સુદી ત્રીજને દિવસે શ્રી રઘુવીરજી મહારાજે વડતાલમાં ગોપાળાનંદ સ્વામી પાસે જઈ પ્રાર્થના કરી કે હે સ્વામી, આપનું શરીર બહુ અશકત થયું છે, અને આપે તો મને અક્ષરધામમાં લઈ જવાનો વર આપ્યો છે, તો હવે આપનાથી અને શ્રીજી મહારાજના ચરણકમળમાંથી એક ક્ષણ માત્ર દૂર ન રહેવાય એવું મને જ્ઞાન આપો. ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા : હે રઘુવીરજી, શ્રીજી મહારાજ પાસે અને અમારી પાસે અખંડ રહેવું હોય તો જુનાગઢ જઈને અનાદિ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરશો તો સર્વ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થશે, અને બ્રહ્મરૂપ થઈને શ્રીજી મહારાજની સેવામાં અખંડ રહેવાશે. તે વાત ધ્યાનમાં લઈ શ્રી રઘુવીરજી મહારાજ સંવત ૧૯૦૯ ના અષાઢ માસમાં બે પાર્ષદ સાથે જુનાગઢ પધાર્યા અને સ્વામીનો સમાગમ કર્યો.

એક સમયે સભામાં રઘુવીરજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને પ્રશ્ન પૂછયો : હે સ્વામી, આ કળિયુગમાં ઉત્પન્ન થયેલા અધર્મના પુત્રોએ તથા પુત્રીઓએ આ બ્રહ્માંડરૂપી ક્ષેત્રમાં શું શું કાર્યો કર્યાં તે કૃપા કરીને કહો.

ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા : હે રઘુવીરજી, એક સમયે શ્રીજી મહારાજે ગઢપુરમાં આ પ્રશ્નની વાત કહી હતી તે હું આપશ્રીને કહું તે સાંભળો. અધર્મના પુત્ર તથા પુત્રીઓએ નીચે પ્રમાણે કાર્ય કર્યાં છે.

કામ : કામરૂપી અધર્મના પુત્રે નારદાદિક ૠષિઓ અને રાવણાદિક રાજાઓને ધર્મથી પાડયા છે. વ્યભિચાર, વટાળ, વર્ણાંતર લગ્નાદિ પ્રવૃત્તિ કરાવી સર્વ સંપ્રદાય તથા બાવન દ્વારાના ધર્માચાર્યો, સાધુપુરુષો અને મહાત્માઓને સૌ સૌના ધર્મથી પાડી, અધોગતિને પમાડયા છે, અને વર્ણાશ્રમના ધર્મોનું નિકંદન કર્યું છે.

ક્રોધ : ક્રોધરૂપી અધર્મના પુત્રે તપસ્વીઓમાં પ્રવેશ કરી દુર્વાસાદિ ૠષિઓની તપશ્ચર્યાનો ભંગ કરાવ્યો છે. કુટુંબીજનોમાં કુસંપ કરાવી વેર કરાવ્યું છે. રાજાઓમાં પ્રવેશ કરી તેઓના ધર્મનો નાશ કરાવ્યો છે, અને બુધ્ધિમાન પુરુષોમાં પ્રવેશ કરી તેમની સદ્દબુધ્ધિનો નાશ કરી સંસૃતિ કરાવી છે.

દાનવૃત્તાનિ નિયમાં જ્ઞાનં હુતં જપઃ ।
યત્નેનાપિ કૃતં સર્વ ક્રોધિતસ્ય વૃથા ભવેત્ ।।

લોભ : લોભરૂપી અધર્મના પુત્રે ચોરી, હિંસા, અનીતિ, દંભ, કપટ, અસત્યાદિક અધર્મો પ્રવર્તાવ્યા છે, અને ધર્મવાળા ત્યાગી પુરુષોમાં પ્રવેશ કરી દ્રવ્ય અને સ્ત્રી રાખવાની લાલસા ઉપજાવી તેમને તેમના ધર્મમાંથી પાડયા છે.

રસાસ્વાદ : રસાસ્વાદરૂપી અધર્મના પુત્રે ઈન્દ્રિયોને વકરાવી એકલશૃંગી આદિ તપસ્વીઓને તેમના તપમાંથી પાડયા છે.

સ્નેહ : સ્નેહરૂપી અધર્મના પુત્રે મોટા મુનિવરોને, વિદ્વાનોને તથા જ્ઞાનીઓને સગાં સંબંધીમાં સ્નેહ કરાવી અધોગતિને પમાડયા છે.

માન : માનરૂપી અધર્મના પુત્રે સારા સારા વિદ્વાનોને તથા જ્ઞાનીઓને પણ મોક્ષમાર્ગથી પાછા હઠાવ્યા છે.

મોહ : મોહરૂપી અધર્મના પુત્રે ધર્મવાળાં સ્ત્રીપુરુષોને વિષે પ્રવેશ કરી ન કરવા યોગ્ય કાર્યો કરાવ્યાં છે, અને અનીતિના રસ્તે તેમને પ્રવર્તાવ્યા છે.

અભિમાન : અભિમાનરૂપી અધર્મના પુત્રે જીવ પ્રાણીમાત્રને શરીરને વિષે અહંબુધ્ધિ તથા સંબંધીઓને વિશે મમત્વબુધ્ધિ કરાવી મોક્ષના માર્ગમાં મોટું વિઘ્ન નાંખ્યું છે.

દંભ : દંભરૂપી અધર્મના પુત્રે યોગીઓમાં પ્રવેશ કરી બગલાની માફક ઉપરથી આસ્તિક હોવાનો આડંબર કરાવ્યો છે.

કપટ : આ દુર્ગુણ જીવપ્રાણીમાત્રને અસત્ય બોલાવી બીજા જીવોને વિશ્વાસઘાત કરી પોતાનો માયિક સ્વાર્થ સાધવાની વૃત્તિ ઉત્પન્ન કરાવે છે, અને શ્રી સહજાનંદ સ્વામીની આજ્ઞાનો લોપ કરાવે છે.

ઈર્ષા : ઈર્ષા એ સત્પુરુષનો દ્રોહ કરાવે છે, ગરીબ હરિભકતને કલ્પાવે છે, અને ભગવાનના ભકતને દેખીને બળાપો કરાવે છે.

આશા : પંચવિષયની વાસના તથા સાંસારિક સુખની વાસના વધારી મોક્ષમાર્ગમાં વિઘ્ન ઉત્પન્ન કરાવે છે.

તૃષ્ણા : એ આશાની મોટી બહેન છે, પંચવિષયના સુખમાં તથા સાંસારિક સુખમાં રોજ અધિક અધિક ઈચ્છાની લાલસા ઉપજાવે છે.

નિર્દયતા : દરેક જીવ પ્રાણીમાત્ર ઉપર સમભાવના ન રાખી અન્ય જીવને દુઃખ ઉત્પન્ન થાય એવાં કાર્યો મન, વાણી અને કર્મથી કરાવે છે.

હિંસા : જીવ પ્રાણીમાત્રનો સંહાર કરાવે છે, અને મન-વાણી-કર્મથી કીડી જેવા જીવને પણ દુઃખ થાય એવી કોઈપણ ક્રિયામાં પ્રવર્તન કરાવે છે.

ઉપર કહ્યાં એવાં અધર્મના પુત્રપુત્રીઓને આ કળિયુગમાં કોઈથી જીતી શકાય તેવાં નથી પણ તેને જીતવાં હોય તો આ અધર્મના પુત્ર-પુત્રીઓને જીત્યાં હોય એવા શ્રી સ્વામિનારાયણના અનન્ય ભકતોનો સમાગમ કરવાથી જીતી શકાય છે.

ઈતિ શ્રી નારાયણ શર્મા વિરચિતે શ્રી સ્વામિનારાયણ ગીતા મધ્યે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામી સંવાદે અધર્મવિષાદયોગ એ નામે પ્રથમો અધ્યાયઃ ।। ૧ ।।

## અધ્યાય ૨: ધર્મયોગ

રઘુવીરજી મહારાજે પૂછ્યું : હે સ્વામી, તમે જેમ અધર્મસર્ગનું સ્વરૂપ કહયું તેમ ધર્મસર્ગનું સ્વરૂપ કૃપા કરીને કહો.

સ્વામી બોલ્યા : હે રઘુવીરજી, ધર્મદેવ તો આપના પિતાના પિતા થાય છે. આ તેમનું સ્વરૂપ જુઓ. એમ કહયું કે તરત જ રઘુવીરજી મહારાજને ધર્મદેવ આદિ છ મૂર્તિનાં દર્શન થયાં, તેથી બ્રહ્માનંદમાં તરબોળ થયા અને તે બધાને પગે લાગ્યા.

રઘુવીરજીએ પૂછ્યું : હે સ્વામી, આ બધાંનાં નામ કૃપા કરીને મને કહો.

સ્વામી બોલ્યા : (૧) ભૂમા-પુરુષ, (૨) પ્રધાન-પુરુષ, (૩) ધર્મદેવ, (૪) લક્ષ્મીનારાયણ, (૫) વાસુદેવ નારાયણ, (૫) બદરીપતિ નારાયણ - આ બધા મૂળ પુરુષના દીકરા છે.

પછી સ્વામી ધર્મદેવ પ્રત્યે બોલ્યા : હે ધર્મદેવ, આ તમારા પૌત્રને ધર્મનાં લક્ષણો કહો.

ધર્મદેવ બોલ્યા : હે રઘુવીરજી, સર્વે અવતારના અવતારી શ્રી સહજાનંદ સ્વામીએ આચાર્યોના, ત્યાગીઓના, સાંખ્યયોગી ભાઈઓના, ગૃહસ્થના, સાંખ્યયોગી બાઈઓના, કર્મયોગી બાઈઓના ધર્મ કહયા છે, તેને જે શિર સાટે પાળે તેને ભકિત આદિક ગુણ આવે છે, અને આવા ધર્મવાળાનો જ જય થાય છે, અને તેમાં જ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ નિવાસ કરે છે. ધર્મવાળો હંમેશા ધર્મ મર્યાદામાં રહીને બોલે છે, ચાલે છે, જુએ છે, ખાય છે, પીએ છે, લેવડદેવડ કરે છે, અને પોતાના શરીરનો નિભાવ પણ ધર્મ વડે જ કરે છે. ધર્મ મર્યાદા ધ્યાનમાં રાખીને પગલાં ભરે છે. હાથ વડે ધર્મનાં કામ કરે છે. ધર્મ રહિત તે કોઈપણ કાર્ય કરતા નથી અને હંમેશા શ્રીજી મહારાજની આજ્ઞા પાળી ધર્મમાં

જીવન વ્યતીત કરે છે. તેની મતિમાં અધર્મની ક્રિયા રહેતી જ નથી. જીવન પર્યંત ધર્મમાંથી તેની વૃત્તિ ચલિત થતી નથી. ટેક અને નિયમમાંથી કદી હઠતા જ નથી. તે એમ જાણે છે જે, જેટલું ધર્મનું કાર્ય થયું તે જ સાચું છે, માટે અધર્મોથી તો છેટે જ રહેવું અને ધર્મને દ્રઢપણે ધારીને શ્રીજી મહારાજના દ્રઢ ભકત થવું. ધર્મ હોય ત્યાં જ શ્રીજી મહારાજ રહે છે. માટે સુખદુઃખથી અકળાઇ જઇને પોતાનો ધર્મ કોઇએ મુકવો નહીં.

નાહારં ચિન્તયેત્ પ્રાજ્ઞો ધર્મમેકો હિ ચિન્તયેત્ ।
આહારો હિ મનુષ્યાણાં જન્મના સહ જાયતે ।।

અર્થ : ડાહ્યા પુરુષે આહારનું ચિંતવન ન કરવું. ફકત ધર્મનું ચિંતવન કરવું. આહાર તો મનુષ્ય શરીરના પ્રારબ્ધ પ્રમાણે મળે છે.

ધર્મશીલ પુરુષોને ધર્મ એ જ ધન છે, ધર્મથી સર્વ અર્થ સિધ્ધ થાય છે. ધર્મપરાયણ છે તેને ધર્મ-અર્થ બંનેની સિદ્ધિ થાય છે. ધર્મમાં શમ-દમ આદિ ગુણો રહે છે. ધર્મવાળો બીજાના દોષો જોતો નથી. ધર્મવાળો અભક્ષ્યાભક્ષ્ય કરતો નથી. કૃચ્છચાન્દ્રાયણાદિક વ્રત કરે છે. ધર્મવાળો અસત્ય ભાષણનો ત્યાગ કરે છે, અને સત્ય ભાષણ કરે છે. તે સદ્ગુરુમાં અને સતશાસ્ત્રોના વચનમાં વિશ્વાસ રાખે છે. ધર્મ વિવેકપૂર્ણ પાળે તો ફળનો વધારો થાય છે. ધર્મ પાળવો તેમાં શ્રદ્ધા મુખ્ય છે. ધર્મ શ્રદ્ધાથી જ સિધ્ધ થાય છે. કેટલાક આળસુઓ નિયમ વિના વર્તે છે, તેને ધર્મ આવતો નથી. શ્રી સહજાનંદ સ્વામીની આજ્ઞાથી સુર્ય તપે છે, અગ્નિ પ્રકાશે છે અને વાયુ વાય છે. એ આદિક અનેક બ્રહ્માંડની ક્રિયા નિયમસર ચાલ્યા કરે છે. માટે ધર્માચારી પુરુષોએ શ્રી સહજાનંદ સ્વામીની આજ્ઞા પાળવી એ જ ઉત્તમ ધર્મ છે. ધર્માચારી પુરુષો શ્રધ્ધા અને નિયમથી ધર્મને વૃધ્ધિ પમાડે છે. અશુભ દેશાદિકના સેવનથી ધર્મનો નાશ થાય છે. માટે અસત્ય માર્ગમાં તો કયારેય પ્રવર્તવું નહીં. સત્સંગથી સદ્ગુણની વૃધ્ધિ થાય છે. સત્શાસ્ત્રોમાં અહિંસા, બ્રહ્મચર્ય અને સદાચરણમાં જે નિષ્ઠા તેને જ કર્મની શુધ્ધિ કહી છે. ધર્મશીલ સત્પુરુષના સમાગમથી પુણ્યનો વધારો થાય છે. અધર્મી પુરુષના સમાગમથી પાપનો વધારો થાય છે. અસત પુરુષ સાથે સ્નેહ કરવો, તેના અંગનો સ્પર્શ કરવો, તેની સાથે બોલવું, તેની સાથે બહુ વખત રહેવું તેથી કરીને ધર્માચારથી પતિત થાય છે. ધર્મ અને અધર્મનું યથાર્થ લક્ષણ સત્પુરુષોના પ્રસંગથી જ જાણવામાં આવે છે. અમે જ્ઞાન અને ભકિતવાળા છીએ એવું અભિમાન રાખી ધર્મનો ત્યાગ કરવો નહીં. ધર્મ અને ભકિત સર્વે ફળની સિધ્ધિ આપનારી છે. હું કૃતકૃત્ય થયો છું એમ માનીને ગુરુશરણ, સતશાસ્ત્રના સેવનનો ત્યાગ કરે તો તેની જાડી બુધ્ધિ થાય છે, અને અજ્ઞાન વધે છે. આવી રીતે ધર્મદેવ ધર્મની યથાર્થ વિગત કહીને અદ્રશ્ય થયા.

પછી રઘુવીરજીએ પૂછયું : નિશ્ચયનું બળ લઇ ધર્મને ખોટા કરી નાખે તેને કેવા જાણવા ?

સ્વામી બોલ્યા : જ્ઞાનનો તથા ભકિતનો ઓથ લઇને જે ધર્મને ખોટા કરી નાખે તેને અસુર જાણવો. માટે જેને શ્રીજી મહારાજના સ્વરૂપનો નિશ્ચય હોય તેમાં તો ત્રીસ લક્ષણો આવે છે. માટે જેમાં ત્રીસ લક્ષણ ના હોય તેને સાધુ ન જાણવો, અને શ્રીજી મહારાજના ગુણ જયારે સંતમાં આવે ત્યારે તે સંત ત્રીસ લક્ષણે યુકત હોય છે. માટે જે કોઇ પંચ વર્તમાનરૂપ ધર્મ તેને મૂકીને જ્ઞાનનું અથવા ભકિતનું બળ લઇને ધર્મને ખોટા કરશે તે ગુરુદ્રોહી ને વચનદ્રોહી છે. એવી ધર્મભંગની વાત કરતો હોય તેને વિમુખ જાણવો. તે અધર્મીની વાતને ખોટી જાણવી, અને તેનો સંગ પણ ન કરવો.

રઘુવીરજીએ પૂછયું : ધર્મથી શું પ્રાપ્તિ થાય ?

સ્વામી બોલ્યા : જયારે આ જીવને સંપૂર્ણ ધર્મ આવે ત્યારે કામ નિર્મૂળ થાય છે અને પૂર્ણ પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામે છે.

ઈતિશ્રી નારાયણ શર્મા વિરચિતે શ્રી સ્વામિનારાયણ ગીતા મધ્યે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામી સંવાદે ધર્મયોગ નામે દ્વિતીયોઽધ્યાયઃ ।। ૨ ।।